# IIT- ગાંધીનગરમાં PhD. પ્રવેશની કાર્યવાહી શરૂ

ભાસ્કર ન્યૂઝ.અમદાવાદ

આઈઆઈટી- ગાંધીનગરે પીએચડી કોર્ષમાં પ્રવેશ માટેની કાર્યવાહી બે તબક્કામાં હાથ ધરી છે. વિવિધ વિષયોની કુલ 145 બેઠકો માટે પ્રવેશ કાર્યવાહી હાથ ધરાઈ છે. 20 ફેબ્રુઆરી સુધી અરજી કરવાની રહેશે અને 28મીએ ઈન્ટરવ્યુ માટે પસંદ કરાયેલા ઉમેદવારોની જાહેરાત કરાશે.

21થી 24 માર્ચ સુધી વિદ્યાર્થીઓની ટેસ્ટ કે ઈન્ટરવ્યુ લેવાશે અને તા. 7 એપ્રિલે પરિણામ જાહેર કરાશે અને બીજા તબક્કામાં કેટલી બેઠકો ખાલી છે તેની જાહેરાત કરાશે. બીજા તબક્કાની કાર્યવાહીમાં તા.21 ફેબ્રુઆરીથી તા. 12 એપ્રિલ સુધી અરજી કરવાની રહેશે અને તા. 22 એપ્રિલે ઈન્ટરવ્યુ માટે પસંદ કરાયેલા ઉમેદવારોની જાહેરાત કરાશે. ત્યારબાદ તા.16થી 22 મે સુધી ટેસ્ટ કે ઈન્ટરવ્યુ લેવાશે અને તા.30 મેએ પરિણામ જાહેર કરાશે.